**રાજ્યના આદિજાતિ ખેડૂત લાભાર્થીઓ માટે પાવર ટીલર સહાય યોજના.**

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

**સુધારા ઠરાવ ક્રમાંક: VKY-2022-217-N.I.-11-P,**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા :**

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો તા:૧૦/૦૫/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:બજટ-૧૦-૨૦૨૦-૧૧૭૨-ક.૫

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૫/૦૭/૨૦૨૨નો સમાનાંકી ઠરાવ.

(૩) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૨૬/૦૭/૨૦૨૩ નો સુધારા ઠરાવ ક્રમાંક:ACD/KAS/e-file/2/2022/2364/K5.

(૪) ખેતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનો તા:૦૭/૦૮/૨૦૨૩નો પત્ર ક્રમાંક: એલ.ડબ્લ્યુ.ઇ./૫૨૪૪/૨૦૨૩.

**પ્રસ્તાવના:**

ઉક્ત વંચાણે લીધા ક્રમાંક(૧) ઉપરના ઠરાવથી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા રાજ્યના ખેડૂતો માટેપાવર ટીલર સહાય યોજના અમલમાં છે. આદિજાતિ વિકાસ વિભાગના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથીરાજ્યના આદિજાતિ ખેડૂત લાભાર્થી માટે પાવર ટીલર સહાય યોજનાને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. આ ઠરાવની શરત નં.૧૩ મુજબ“નાણા વિભાગની સૂચના અન્વયે દરેક લાભાર્થીને આપવાની થતી નાણાકીય સહાય ફક્ત DBT મારફતે જ આપવાની રહેશે. અન્ય કોઇ પણ પ્રકારનોTRANSACTION માન્ય રહેશે નહીં. આ યોજનાને DBT PORTAL ઉપર પણ મૂકવાની તથા ફરજીયાત નોંધવાની રહેશે.” તેમ ઠરાવેલ છે. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક: (૩) પરના ઠરાવથી મુખ્યમંત્રી યાંત્રિકીકરણ યોજના અન્વયે લાભાર્થીને કરવાના થતા ચૂકવણા સંદર્ભે સુધારો કરેલ છે.

ખેતી નિયામકશ્રીની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૪) પરના પત્રથી આદિજાતિ વિકાસ વિભાગની પાવર ટીલર સહાય યોજના માટે લાભાર્થીને ચુકવણું પીએલએ ટુ ડીડીઓ મારફત કરવા માટે સુધારો કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, આ વિભાગના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૨) પરના તા.૦૫/૦૭/૨૦૨૨ ના ઠરાવની શરત નંબર (૧૩) આથી રદ્દ કરવામાં આવે છે તથા તેના સ્થાને નીચેની શરત આમેજ કરવામાં આવે છે:-

"(૧૩) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની સમાન પ્રકારની યોજના મુખ્યમંત્રી યાંત્રિકીકરણ યોજનાના તા.૨૬/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: ACD/KAS/e-file/2/2022/2364/K5થી કરવામાં આવેલ સુધારા મુજબની શરતો અને બોલીઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે."

વિભાગના તા.૦૫/૦૭/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:VKY-2022-217-N.I.-11-Pની અન્ય શરતો અને બોલીઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**(જયદેવસિંહ વાઘેલ**

ઉપ સચિવ

આદિજાતિ વિકાસ વિભા

**નકલ રવાના:**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આ.વિ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by: Jaydevsinh K. Vaghela
Under Secretary
Date: 2023.09.08 11:40:11 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (કૃષિ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(આ.વિ.) નિયામકશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર:૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- નિયામકશ્રી (ખેતી), ખેતી નિયામકની કચેરી, કૃષિ ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.